18 મહિનાનો વાયદો અને 9 વર્ષનો વનવાસ; ભાડું ન મળતા નિરાશ્રિતો રસ્તા પર

સંજયનગરના 1900 પરિવારોનો હલ્લાબોલ, ‘ઘર આપો અથવા આત્મવિલોપનની મંજૂરી’

તંત્ર સામે ચૂંટણી બહિષ્કારનું રણશિંગું

(પ્રતિનિધિ) વડોદરા તા.6

વડોદરા મહાનગરપાલિકાની વડી કચેરી આજે રણમેદાનમાં ફેરવાઈ ગઈ હતી. શહેરના સંજયનગર વિસ્તારમાં આવાસ યોજના હેઠળ ઘર ગુમાવનારા આશરે 1900 જેટલા નિરાશ્રિત પરિવારોએ પાલિકા કચેરી ખાતે ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. છેલ્લા 9 વર્ષથી પોતાના હકના ઘર માટે વલખાં મારી રહેલા રહેવાસીઓએ તંત્ર સામે ભારે રોષ ઠાલવ્યો હતો અને જો ન્યાય નહીં મળે તો આત્મવિલોપન કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

વિરોધ કરી રહેલા રહીશોના જણાવ્યા અનુસાર, સરકાર દ્વારા 18 મહિનામાં મકાનો તૈયાર કરી આપવાનો વાયદો કરવામાં આવ્યો હતો, પરંતુ આજે 9 વર્ષ વીતી જવા છતાં તેમને મકાનો સોંપવામાં આવ્યા નથી. એટલું જ નહીં, જે લોકો ભાડાના મકાનમાં રહે છે તેમને છેલ્લા ઘણા સમયથી ભાડું પણ ચૂકવવામાં આવ્યું નથી. આર્થિક રીતે નબળા વર્ગના આ લોકો માટે ઘરનું ભાડું ભરવું હવે અશક્ય બની રહ્યું છે.

રહેવાસીઓએ આક્ષેપ કર્યો હતો કે બિલ્ડર દ્વારા પોતાની જગ્યા બચાવવા માટે 14 માળની ઊંચી બિલ્ડિંગો બનાવવામાં આવી રહી છે. મધ્યમ અને ગરીબ વર્ગના પરિવારો માટે આટલા ઊંચા માળ પર રહેવું મુશ્કેલ છે. જો લિફ્ટ બગડી જાય અથવા કોઈ ઈમરજન્સી જેમ કે ડિલિવરી કે માંદગી આવે, તો ઉપરના માળેથી નીચે આવવું જીવલેણ સાબિત થઈ શકે છે.

આક્રોશિત મહિલાઓએ જણાવ્યું હતું કે, “અમને ન્યાય જોઈએ છે, કોઈ પક્ષ નહીં. જો અમને અમારા મકાનો નહીં મળે, તો આગામી ઈલેક્શનમાં અમે કોઈને વોટ આપીશું નહીં.” રહીશોએ કમિશનર અને શાસકો પર નિશાન સાધતા કહ્યું હતું કે જો તેઓ પ્રજાને ન્યાય ન આપી શકતા હોય તો તેમને ખુરશી પર બેસવાનો કોઈ અધિકાર નથી.

એરપોર્ટ સર્કલ પાસે જાહેરમાં મારામારીનો વીડિયો વાયરલ થતા પોલીસ એક્શનમાં

હરણી પોલીસે મારામારી કરનાર બે આરોપીને ઝડપી કાન પકડાવી ઉઠક-બેઠક કરાવી

નોકરીના સમય બાબતે ઝઘડો થયો હોવાની બંને આરોપીઓની કબૂલાત

(પ્રતિનિધિ) વડોદરા, તા. 6

વડોદરા શહેરના એરપોર્ટ સર્કલ નજીક જાહેરમાં મારામારીનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતા હરણી પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી હતી. વીડિયોમાં દેખાતા બે શખ્સોને ગણતરીના કલાકોમાં ઝડપી પાડી તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ હરણી રોડ પર એરપોર્ટ સર્કલ નજીક આવેલા ડિલ્સ પાન પાર્લર આગળ બે વ્યક્તિઓ વચ્ચે જાહેરમાં મારામારી થઈ હતી, જેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. બનાવને ગંભીરતાથી લઈ પોલીસ કમિશનર નરસિંહ કોમાર દ્વારા તાત્કાલિક આરોપીઓને ઝડપી પાડવા સૂચનાઓ આપવામાં આવી હતી.

આ સૂચનાઓના આધારે હરણી પોલીસ સ્ટેશનના પીઆઇ એસ.વી. વસાવાના માર્ગદર્શન હેઠળ અલગ-અલગ ટીમો બનાવી CCTV ફૂટેજ અને હ્યુમન સોર્સીસના આધારે તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન હેડ કોન્સ્ટેબલ મનદીપસિંહ રાજેન્દ્રસિંહ દ્વારા વીડિયોમાં દેખાતા બંને શખ્સોની ઓળખ કરવામાં આવી હતી.

પોલીસે હર્ષદ ઈશ્વરભાઈ માધવાણી (રહે: અમરદીપ બંગલોઝ, આજવા રોડ, વડોદરા) અને સુમિત હરિચંદ્ર શર્મા (રહે: ભરવાડ વાસ, રેવડિયા મહાદેવ મંદિર પાસે, ન્યૂ વી.આઈ.પી. રોડ, વડોદરા) ને ઝડપી પાડ્યા હતા.

પૂછપરછ દરમિયાન બંને આરોપીઓએ નોકરીના સમય સંબંધિત બાબતે ઝઘડો થયો હોવાની કબૂલાત કરી હતી. હરણી પોલીસે જાહેરમાં શાંતિ ભંગ કરનાર બંનેને કાન પકડી ઉઠક-બેઠક કરાવી ભવિષ્યમાં આવી હરકત નહીં કરવાની ચેતવણી આપી અને માફી મંગાવી હતી.

મુસ્લિમ સમાજના આગેવાનો અને વકીલોએ કલેક્ટરને આવેદન આપી રજૂઆત કરી

વડોદરામાં UCC સામે વિરોધનો વંટોળ

‘અમારી ધાર્મિક આઝાદી પર તરાપ મંજૂર નથી’

(પ્રતિનિધિ), વડોદરા. તા.6

વડોદરામાં આજે ‘સમાન નાગરિક સંહિતા’ (UCC) ના મુદ્દે ભારે ગરમાવો જોવા મળ્યો હતો. કેન્દ્ર સરકાર દ્વારા પ્રસ્તાવિત UCC ના વિરોધમાં આજે વડોદરાના મુસ્લિમ અગ્રણીઓ, સામાજિક કાર્યકરો અને બુદ્ધિજીવી વકીલોએ એકજૂથ થઈને કલેક્ટર કચેરી પહોંચ્યા હતા. તમામ લોકોએ “UCC પાછું ખેંચો”ની માંગ કરી હતી.

વડોદરાના મુસ્લિમ વકીલો અને મુસ્લિમ પર્સનલ લો બોર્ડના સમર્થકોએ આ મામલે કલેક્ટરને આવેદનપત્ર પાઠવતા જણાવ્યું હતું કે, ભારત એક એવો દેશ છે જ્યાં વિવિધ ધર્મો, સંપ્રદાયો અને પરંપરાઓનો સંગમ છે. બંધારણની કલમ 25 આપણને આપણી ધાર્મિક માન્યતા મુજબ જીવવાનો અધિકાર આપે છે. UCC ના અમલીકરણથી માત્ર મુસ્લિમ જ નહીં, પરંતુ શીખ, ખ્રિસ્તી અને આદિવાસી સમુદાયોની આગવી ઓળખ પણ જોખમાવાની ભીતિ છે.

ભારતની ‘વિવિધતામાં એકતા’ એ જ તેની ઓળખ છે. પર્સનલ લોમાં હસ્તક્ષેપ કરવાથી દેશના સામાજિક માળખાને નુકસાન થશે. તમામ હિતધારકો સાથે ચર્ચા કર્યા વિના કોઈ પણ કાયદો લાદવો એ લોકશાહીના મૂલ્યોની વિરુદ્ધ છે. બંધારણે આપેલા મૂળભૂત અધિકારો સાથે છેડાછાડી કરવાનો સરકારને કોઈ અધિકાર નથી.

કલેક્ટર કચેરીએ એકત્રિત થયેલા આગેવાનોએ આક્ષેપ કર્યો હતો કે, ચૂંટણીલક્ષી રાજનીતિ કરવા માટે સરકાર વારંવાર આવા વિવાદાસ્પદ મુદ્દાઓ લાવીને જનતાનું ધ્યાન મૂળભૂત પ્રશ્નો પરથી હટાવવા માંગે છે. ત્યાં હાજર એક વકીલે જણાવ્યું હતું કે અમે કાયદાના રક્ષક છીએ, અને જ્યારે બંધારણના આત્મા પર પ્રહાર થાય ત્યારે અમારે મેદાનમાં આવવું જ પડે.

આજે માત્ર આવેદનપત્ર આપીને વિરોધ નોંધાવવામાં આવ્યો છે, પરંતુ જો સરકાર પોતાની જીદ પર અડી રહેશે, તો વડોદરાના મુસ્લિમ સંગઠનોએ આગામી દિવસોમાં ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની અને કાયદાકીય લડતને સુપ્રીમ કોર્ટ સુધી લઈ જવાની ચીમકી ઉચ્ચારી છે.

અકોટામાં ગટરની ગંદકીથી નરકાગાર જેવી સ્થિતિ

‘મત લેવા આવશો તો ભોગવવું પડશે’, સ્થાનિકોનો તંત્ર સામે હુંકાર

વોર્ડ નં. 12માં છેલ્લા 15 દિવસથી ગટરો ઉભરાતા રોગચાળો ફાટી નીકળ્યો; તંત્રની નિષ્ક્રિયતા સામે રહીશોમાં ભારે રોષ

(પ્રતિનિધિ) વડોદરા તા.6

શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા વોર્ડ નંબર 12માં તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. અકોટા વિસ્તારના શિવ શક્તિ નગર, પોલીસ લાઈન અને વુડાના મકાનો સહિતના વિસ્તારોમાં છેલ્લા 15 દિવસથી ઉભરાતી ગટરોએ સ્થાનિકોનું જીવવું દુષ્વાર કરી દીધું છે. ગંદકી અને મચ્છરોના ત્રાસને કારણે ઘરે-ઘરે માંદગીના ખાટલા મંડાયા છે, છતાં પાલિકા તંત્ર મૌન સેવીને બેઠું હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, છેલ્લા બે અઠવાડિયાથી ગટરના પાણી રસ્તાઓ પર ફરી વળ્યા છે. જેના કારણે સમગ્ર વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ ફેલાઈ રહી છે. ગંદા પાણીના ભરાવાને કારણે મચ્છરોનો ઉપદ્રવ એટલો વધી ગયો છે કે મચ્છરજન્ય રોગચાળાએ માથું ઉચક્યું છે. અનેક પરિવારોમાં લોકો તાવ અને અન્ય બીમારીઓમાં સપડાયા છે. રસ્તા પરથી પસાર થવું પણ હવે સ્થાનિકો માટે અસહ્ય બની ગયું છે.

હાલમાં ચૂંટણીનો માહોલ જામ્યો છે ત્યારે રહીશોમાં રાજકીય નેતાઓ પ્રત્યે ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, “જ્યારે મતોની જરૂર હોય ત્યારે નેતાઓ હાથ જોડીને સોસાયટીઓમાં આંટા મારે છે, પરંતુ આજે જ્યારે અમે ગંદકી અને રોગચાળામાં સડી રહ્યા છીએ ત્યારે અમારી રજૂઆત સાંભળવા કોઈ તૈયાર નથી.”

આ ગંભીર સમસ્યા અંગે રહીશોએ અનેકવાર વોર્ડ ઓફિસ તેમજ વડોદરા મહાનગરપાલિકાની મુખ્ય કચેરીએ લેખિત અને મૌખિક રજૂઆતો કરી છે. તેમ છતાં, તંત્ર દ્વારા માત્ર આશ્વાસનો જ આપવામાં આવ્યા છે, સ્થળ પર કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી.

સ્થાનિકોએ ચીમકી ઉચ્ચારી છે કે જો આગામી બે દિવસમાં ગટરની સમસ્યાનો કાયમી નિકાલ કરવામાં નહીં આવે, તો તેઓ રસ્તા પર ઉતરી આવશે. રહીશો દ્વારા પાલિકા કચેરીએ ધરણા અને ઉગ્ર આંદોલન કરવાની રણનીતિ ઘડવામાં આવી છે.

પ્રતાપનગર-એકતા નગર વિભાગ પર મોરિયા સ્ટેશન પર નોન-ઈન્ટરલોકિંગની કામગીરી

(પ્રતિનિધિ) વડોદરા,તા.6

પ્રતાપનગર - એકતા નગર વિભાગ પર ચાંદોદ અને તિલકવાડા સ્ટેશનો વચ્ચે સ્થિત મોરિયા સ્ટેશન પર નોન-ઈન્ટરલોકિંગનું કામ ચાલી રહ્યું છે. આ કાર્ય રેલ્વે માળખાને મજબૂત બનાવવા અને કાર્યકારી ક્ષમતા વધારવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. પૂર્ણ થયા પછી, મોરિયા સ્ટેશનને D શ્રેણીમાંથી B શ્રેણીના સ્ટેશનમાં અપગ્રેડ કરવામાં આવશે, જે સ્ટેશનની કાર્યકારી ક્ષમતા અને કાર્યક્ષમતામાં નોંધપાત્ર વધારો કરશે. વડોદરા વિભાગે ચાંદોદ-મોરિયા (6.71 કિમી) અને મોરિયા - તિલકવાડા (10.15 કિમી) વિભાગો પર મહત્વપૂર્ણ, આધુનિક સિગ્નલિંગ અને ટ્રેક પોઈન્ટ કાર્યરત કરીને તેના માળખાને મજબૂત બનાવ્યું છે. આ કાર્ય ટ્રેન કામગીરીમાં સુગમતા અને ગતિ વધારવા, ભવિષ્યમાં જાળવણી વિલંબ ઘટાડવા અને મુસાફરો માટે વધુ સારી, સુરક્ષિત મુસાફરી સુનિશ્ચિત કરવા માટે વિભાગના ચાલુ પ્રયાસોનો મુખ્ય ભાગ છે. નોન-ઈન્ટરલોકિંગ કાર્યના ભાગ રૂપે એક વધારાની લૂપ લાઈન બનાવવામાં આવી રહી છે, જે સરળ ટ્રેન અવરજવર અને સુવ્યવસ્થિત કામગીરીને સરળ બનાવશે. નવી લૂપ લાઈનને મુખ્ય લાઈન સાથે જોડવા માટે ચાંદોદ અને તિલકવાડા બંને છેડા પર જરૂરી પોઈન્ટ સ્થાપિત કરવામાં આવ્યા છે. વધુમાં, ટ્રેકની ગુણવત્તા અને સલામતી સુનિશ્ચિત કરવા, ટ્રેક સ્થિરતા અને વિશ્વસનીયતામાં સુધારો કરવા માટે અદ્યતન મશીનોનો ઉપયોગ કરીને ટ્રેક પેકિંગ કરવામાં આવ્યું છે.

નેશનલ હાઈવે પર બાબા રામદેવ હોટલ પર પોલીસનું સરપ્રાઈઝ ચેકિંગ

6 કામદારોનું રજિસ્ટ્રેશન ન કરાતા હોટલ માલિક સામે ગુનો દાખલ, અન્ય હોટલ સંચાલકોમાં ફફડાટ

(પ્રતિનિધિ) વડોદરા, તા.6

વડોદરા શહેર અને જિલ્લામાં વધતી ચોરીની ઘટનાઓને ધ્યાનમાં રાખીને પોલીસ તંત્ર વધુ સતર્ક બન્યું છે. ખાસ કરીને નેશનલ હાઈવે પર આવેલી હોટલો અને ગેસ્ટહાઉસોમાં કામ કરતા પરપ્રાંતિય તેમજ અન્ય કામદારોની સંપૂર્ણ માહિતી પોલીસ પાસે નોંધાવવી ફરજિયાત બનાવવામાં આવી છે. તેમ છતાં ઘણા હોટલ સંચાલકો આ નિયમનું પાલન કરતા ન હોવાનું સામે આવ્યું છે.

આ સંદર્ભમાં કપુરાઈ પોલીસ દ્વારા નેશનલ હાઈવે પર આવેલી બાબા રામદેવ રાજપુરોહિત હોટલ ખાતે રવિવારે રાત્રે અચાનક સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરાયું હતું. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે હોટલ સંચાલક લાલા બોગા ભરવાડ દ્વારા આશરે 6 કામદારોને નોકરીએ રાખવામાં આવ્યા હતા, પરંતુ તેમની ઓળખ, સરનામા તેમજ જરૂરી દસ્તાવેજો સાથેનું લેબર રજિસ્ટ્રેશન ફોર્મ પોલીસ સ્ટેશનમાં જમા કરાવવામાં આવ્યું નહોતું.

આ બાબતને ગંભીરતાથી લઈ કપુરાઈ પોલીસે હોટલ માલિક સામે કાયદેસરની કાર્યવાહી કરીને ગુનો નોંધ્યો છે.

પોલીસ કમિશનરના જાહેરનામા મુજબ, કોઈપણ હોટલ સંચાલકે કામદારને નોકરીએ રાખતી વખતે તેની સંપૂર્ણ માહિતી પોલીસને આપવી ફરજિયાત છે. ઉપરાંત, કામદાર નોકરી છોડે અથવા શહેર બહાર જાય તો તેની જાણ પણ તાત્કાલિક પોલીસ સ્ટેશનમાં કરવી જરૂરી છે. પોલીસ દ્વારા કરવામાં આવેલી આ કડક કાર્યવાહીના પગલે હાઈવે વિસ્તારના અન્ય હોટલ સંચાલકોમાં ફફડાટનો માહોલ જોવા મળી રહ્યો છે.

સ્થાનિકોના વિરોધ બાદ ડી-માર્ટના દબાણ પર બૂલડોઝર ફેરવી દેવાયું

વહીવટી વોર્ડ નં. 15 માં ‘વન ડે વન રોડ’ અંતર્ગત કામગીરી, પક્ષપાતના આક્ષેપો સાથે હંગામો થયા બાદ તંત્ર એક્શન મોડમાં આવ્યું

(પ્રતિનિધિ) વડોદરા. તા.6

વાઘોડિયા રોડ પર ડી-માર્ટ થી ગુરુકુળ ચાર રસ્તા સુધીના મુખ્ય માર્ગ પર નડતરરૂપ ગેરકાયદેસર દબાણો દૂર કરવાની કામગીરી દરમિયાન ભારે અફરાતફરી અને સ્થાનિકોનો રોષ જોવા મળ્યો હતો.

સવારથી જ પાલિકાની દબાણ શાખાની ટીમ કાફલા સાથે રોડ પર ઉતરી આવી હતી. તંત્ર દ્વારા શરૂઆતમાં માત્ર નાના વેપારીઓના ઓટલા તોડવાની કામગીરી હાથ ધરવામાં આવતા સ્થાનિકો અને નાના દુકાનદારોમાં રોષ ફાટી નીકળ્યો હતો. લોકોએ આક્ષેપ કર્યો હતો કે, તંત્ર માત્ર ગરીબોના ઓટલા તોડે છે, જ્યારે મોટા માથા દ્વારા ઊભા કરવામાં આવેલા ગેરકાયદેસર શેડ અને પાકા બાંધકામો સામે આંખ આડા કાન કરી રહ્યું છે. આ ઝુંબેશ દરમિયાન સૌથી વધુ વિવાદ વાઘોડિયા રોડ પર આવેલા ‘ડી-માર્ટ’ ના દબાણને લઈને થયો હતો. સ્થાનિકોએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે રોડ પર ડી-માર્ટનું પણ દબાણ છે, છતાં તંત્ર તેને કેમ સ્પર્શતું નથી ? સ્થાનિકોના ઉગ્ર વિરોધ અને પક્ષપાતના ગંભીર આક્ષેપો બાદ આખરે પાલિકાના અધિકારીઓએ નમતું જોખવું પડ્યું હતું. બપોરે અંદાજે 1:00 વાગ્યાની આસપાસ તંત્રએ હરકતમાં આવી ડી-માર્ટના રોડ પર રહેલા ગેરકાયદેસર દબાણ પર બુલડોઝર ફેરવી દીધું હતું.

દબાણો દૂર કરી રોડ-ડિવાઈડરની કાયાપલટ કરાઈ

‘વન ડે વન રોડ’ ઝુંબેશ હેઠળ ગેંડા સર્કલથી અમર કાર શોરૂમ સુધીનો માર્ગ ચકાચક કરાયો

મ્યુનિસિપલ કમિશનરના આદેશથી વોર્ડ નંબર 8 ની ટીમ દ્વારા સઘન સફાઈ અભિયાન

(પ્રતિનિધિ) વડોદરા તા.6

વડોદરા શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવાના ઉદ્દેશ્ય સાથે મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ દ્વારા શરૂ કરવામાં આવેલી ‘વન ડે વન રોડ’ ઝુંબેશ અંતર્ગત આજે શહેરના વ્યસ્ત ગણાતા ગેંડા સર્કલથી અમર કાર શોરૂમ સુધીના માર્ગની કાયાપલટ કરવામાં આવી હતી. વડોદરા મહાનગરપાલિકાના વિવિધ વિભાગોના સંકલન સાથે હાથ ધરાયેલા આ અભિયાનમાં રોડની સફાઈની સાથે સાથે દબાણો હટાવવાની કામગીરી પણ કરવામાં આવી હતી.

પશ્ચિમ ઝોનના ડેપ્યુટી કમિશનરના માર્ગદર્શન હેઠળ વોર્ડ નંબર 8 દ્વારા આ વિશેષ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. જેમાં વોર્ડ ઓફિસર, સીનિયર સેનેટરી ઈન્સ્પેક્ટર, ગાર્ડન વિભાગ, એન્જિનિયરિંગ વિભાગ અને દબાણ શાખાના સ્ટાફે સંયુક્ત રીતે કામગીરી કરી હતી. આ માર્ગ પર લાંબા સમયથી જામી ગયેલી ધૂળ અને કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો. સ્થાનિક રહીશો અને વિસ્તારના નોકરિયાત વર્ગે પાલિકાની આ કામગીરીની પ્રશંસા કરી હતી. સ્થાનિક નાગરિકોએ જણાવ્યું હતું કે, “પાલિકા દ્વારા જે રીતે સવાર-સાંજ કચરાની ગાડીઓ આવે છે અને હવે આ રીતે રસ્તાઓ સાફ કરવામાં આવે છે તે ખૂબ જ આવકારદાયક છે.” સાથે જ અન્ય નાગરિકોને અપીલ કરી હતી કે પાન-મસાલા ખાઈને રસ્તા પર ન થૂંકે અને સ્વચ્છતા જાળવવામાં સહકાર આપે.

સયાજી હોસ્પિટલના બ્લડ સેન્ટરે રચ્યો સેવાનો ઈતિહાસ :16,422 યુનિટ રક્ત એકત્રિત

SSGની બ્લડ બેંકમાં 2025માં રેકોર્ડબ્રેક 177 રક્તદાન શિબિર યોજાઈ

રક્તના સંગ્રહથી લઈને વિતરણ સુધીના તમામ રેકોર્ડ તૂટ્યા, સિકલસેલ અને થેલેસેમિયા પીડિતો માટે આશાનું કિરણ

(પ્રતિનિધિ) વડોદરા. તા.6

રક્તદાન એ જ મહાદાન. આ સૂત્રને વડોદરાની સયાજી હોસ્પિટલના બ્લડ સેન્ટરે સાચા અર્થમાં સાર્થક કરી બતાવ્યું છે. છેલ્લા ચાર વર્ષમાં (2022 થી 2025) આ સેન્ટરે માત્ર લોહી એકત્રિત જ નથી કર્યું, પરંતુ વિજ્ઞાન અને સેવાનો સમન્વય સાધીને વડોદરા અને આસપાસના જિલ્લાના લાખો ગરીબ-મધ્યમ વર્ગના દર્દીઓ માટે એક ‘લાઇફલાઇન’ તરીકેની ઓળખ પ્રસ્થાપિત કરી છે.

સયાજી હોસ્પિટલના બ્લડ સેન્ટરના તાજેતરના આંકડાઓ એક નવી જ ક્રાંતિની ગાથા કહી રહ્યા છે. પ્રસુતા માતાઓ હોય, સિકલસેલના દર્દીઓ હોય કે થેલેસેમિયાથી પીડાતા ભૂલકાઓ, દરેક માટે આ બ્લડ સેન્ટર એક મજબૂત ઢાલ બનીને ઉભું છે.

સરકારના જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ હેઠળ પ્રસુતિ દરમિયાન લોહીની જરૂર પડતી માતાઓ અને નવજાત શિશુઓ માટે બ્લડ ઇશ્યૂ કરવાની સંખ્યામાં 70% નો ધરખમ વધારો થયો છે. આંકડા દર્શાવે છે કે બ્લડ સેન્ટરની તત્પરતાને કારણે પ્રદેશમાં માતા અને બાળ મૃત્યુદર ઘટાડવામાં સિંહફાળો મળ્યો છે.

સિકલસેલના દર્દીઓ માટે રક્ત એ માત્ર જરૂરિયાત નથી, પણ જીવન ટકાવી રાખવાનો એકમાત્ર માર્ગ છે. વર્ષ 2022માં 518 યુનિટ રક્ત ફાળવાયું. વર્ષ 2025માં 1,672 યુનિટ રક્ત ફાળવાયું. આમ છેલ્લા 4 વર્ષમાં સેવામાં થયેલો આ 3 ગણો વધારો હોસ્પિટલની ગંભીર બીમારીઓ પ્રત્યેની સંવેદનશીલતા દર્શાવે છે.

થેલેસેમિયા મેજરથી પીડાતા બાળકોને જીવવા માટે દર મહિને રક્તની જરૂર હોય છે. વર્ષ 2025 માં જ હોસ્પિટલે 1,086 યુનિટ રક્ત આ બાળકોને ફાળવીને તેમને નવજીવન આપ્યું છે.

આ બ્લડ સેન્ટર હવે માત્ર બ્લડ બેંક નથી રહ્યું, પણ એક અદ્યતન ટ્રીટમેન્ટ સેન્ટર બની ગયું છે. અહીં અત્યંત મોંઘી અને જટિલ ગણાતી પ્રક્રિયાઓ નિઃશુલ્ક અથવા રાહત દરે ઉપલબ્ધ છે. RCE (રેડ સેલ એક્સચેન્જ) સિકલ સેલના ગંભીર કેસોમાં રામબાણ ઈલાજ. TPE (પ્લાઝમા એક્સચેન્જ) માયસ્થેનિયા ગ્રેવિસ અને ગિલિયન-બારે સિન્ડ્રોમ જેવા જ્ઞાનતંતુના રોગો માટે આશીર્વાદરૂપ. અન્ય સુવિધાઓમાં લ્યુકોફેરેસિસ, પ્લેટલેટફેરેસિસ અને સ્ટેમ સેલ સંગ્રહ (PBSC) જેવી ટેકનોલોજી દ્વારા કેન્સર અને ઓટોઇમ્યુન રોગો સામે લડવામાં દર્દીઓને મોટી મદદ મળી રહી છે. કોઈપણ બ્લડ બેંક રક્તદાતાઓ વગર અધૂરી છે. સયાજી હોસ્પિટલ પર લોકોનો વિશ્વાસ વર્ષો-વર્ષ વધી રહ્યો છે. વર્ષ 2025 માં રેકોર્ડબ્રેક 177 બ્લડ ડોનેશન કેમ્પ યોજાયા. 9,413 ઉમદા નાગરિકોએ સામે ચાલીને સ્વૈચ્છિક રક્તદાન કર્યું. 2022 માં 12,687 યુનિટ સામે 2025માં 16,422 યુનિટ રક્ત એકત્રિત થયું.

અન્ય હોસ્પિટલમાં પણ રક્ત પહોંચાડાય છે

સયાજી હોસ્પિટલ માત્ર પોતાની હદ પૂરતી મર્યાદિત નથી. આ સેન્ટર દ્વારા આસપાસની અન્ય સરકારી હોસ્પિટલોમાં પણ રક્ત પહોંચાડાય છે. એટલું જ નહીં, ખાનગી હોસ્પિટલોમાં સારવાર લેતા ગરીબ દર્દીઓને પણ અત્યંત રાહત દરે બ્લડ કોમ્પોનેન્ટ્સ પૂરા પાડીને હોસ્પિટલે સામાજિક જવાબદારીનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે. વડોદરાની સયાજી હોસ્પિટલનું બ્લડ સેન્ટર આજે આધુનિક મશીનરી, કુશળ તબીબી ટીમ અને લોકસહકારના સંગમથી ગુજરાતના શ્રેષ્ઠ બ્લડ સેન્ટરોમાંનું એક બની ગયું છે. આ સિદ્ધિ માત્ર આંકડાની નથી, પરંતુ હજારો પરિવારોના ઘરમાં પ્રગટેલા આનંદના દીવાની છે.

મહિના પૂર્વે આપેલી લેખિત ફરિયાદ સામે કોઈ કાર્યવાહી નહિ થતા લોકોમાં રોષ

માણેજામાં પડુ પડુ થઈ રહેલા વીજ પોલથી લોકોમાં ભયનો માહોલ

વહેલી તકે સમસ્યાનું નિરાકરણ કરવામાં નહિ આવે તો વીજ કચેરીમાં હલ્લાબોલ કરવાની ચીમકી રહીશોએ ઉચ્ચારી

(પ્રતિનિધિ) વડોદરા,તા.6

શહેરના પશ્ચિમ વિસ્તારમાં ખાતે આવેલા માણેજા ગામમાં શીવબા નગરમાં છેલ્લા ઘણા સમયથી વીજ પોલ જર્જરિત થયો છે, તૂટી પડવાની અણીએ આવેલા વીજ પોલને દૂર કરવા સ્થાનિક લોકો દ્વારા ફરિયાદ કરવામાં આવી હતી, તેમ છતાં આજદિન સુધી કોઈ નિકાલ નહીં કરાતા લોકોએ એમજીવીસીએલના તંત્ર સામે નારાજગી દર્શાવી હતી.

માણેજા ગામ ખાતે આવેલા શિવબા નગરમાં છેલ્લા ઘણા સમયથી વીજ પોલની જર્જરીત હાલત થઈ છે. નગરમાં આવેલા તમામ વીજ પોલ પડવાની અણીએ આવીને ઊભા રહેલા છે, જ્યારે કેટલાક વીજ પોલ નમી પડ્યા છે. તૂટી પડે એવી હાલતમાં હોવાથી મોટી દુર્ઘટના સર્જાવાની ભીતિ લોકોમાં સેવાઈ રહી છે. આ અંગે મકરપુરા વીજ કચેરીમાં લેખિતમાં કમ્પ્લેન એક મહિના અગાઉ આપવામાં આવી હતી. ત્યારે ફરજ પરના કર્મીઓએ સાહેબ હજી આવ્યા નથી. ટેબલ પર અરજી મૂકી દો. સાહેબ આવીને જોઈ લેશે તેમ રહીશોને જણાવ્યું હતું. જોકે આ વાતને આજે એક મહિના ઉપરાંતનો સમય વીતી જવા છતાં પણ હજી સુધી વીજ પોલ બદલવામાં આવ્યો નથી. સ્થાનિક લોકોએ આક્ષેપ કર્યા હતા કે, શું વીજ કંપની કોઈ મોટી દુર્ઘટના થવાની રાહ જુએ છે. જોકે સ્થાનિકોએ જર્જરીત વીજ થાંભલો એક મહિના અગાઉ નજરે પડતા દુર્ઘટનાથી બચવા માટે મકાનની લાઈટો બંધ કરી દીધી હતી. પરંતુ પોલ પરથી પસાર થતી જીવંત વીજ લાઈન બંધ કેવી રીતે થાય એવો પણ સવાલ કર્યો હતો. જો વહેલી તકે સમસ્યાનું નિરાકરણ કરવામાં નહિ આવેતો વીજ કચેરીમાં હલ્લાબોલ કરવાની ચીમકી રહીશોએ ઉચ્ચારી હતી.